## કંડિકાઓ - - - - - - - - - - - - - - - -

અખિલ બ્રહ્માંડમાં આ એક નાનકડી પૃથ્વી ને તેમાં વસતાં અતિ અતિ નાનાં માનવજીવનની કઢંગ ગતિ રીતિ, પ્રવાહના વહેણમાં માથાં અફળાવતાં દુરાગ્રહીઓના રાહ લોહી નીગળતા જ રહ્યા છે. ઘોર નિરાશા ને આક્રંદથી ભરેલા આ પૃથ્વીલોકમાં, તું મા, હે મા, મક્કમ હોઈ, દઢ ચિત્તે જે સચ્ચિદાનંદનું સામ્રાજ્ય સ્થાપન કરવા આનંદલોક સર્જી રહી છો, તે જોતાં સમજતાં હું, તારી ઇચ્છાને વશવર્તી, આનંદભોક્તા બની રહ્યો છું. તારી કૃપાથી જ, તારી કાર્યકરણી ઇચ્છા સામે ટકરાવવા ઊઠતા સર્વ દુરાગ્રહોનો પરિત્યાગ કરવામાં, તુંમાં એમ સમાઈ જવામાં, જે પ્રકાશપંથ તેં હાથ લગાડ્યો છે, ત્યાં હવે, માનવજીવનના પ્રવાહ વહેણમાં, મારે હવે કશો જ રાગદ્વેષ રહ્યો નથી. કોણ, કેમ ને ક્યારે આમ થાય કે તેમ, તે તો તું જ સંભાળી રહી છો, મા. તારી એ સર્વગ્રાહી દૃષ્ટિમાંનો અપાર પ્યાર કામ પાર પાડવા વિજયી બની રહ્યો છે, ત્યાં તુંમાં સમાઈ, તારાં શ્રીચરણોમાં, આનંદ મંગલ મનાવવામાં જ જીવનની પળો આનંદવિભોર બની રહી છે, મા !

જય હો, મા ! તારો જય જયકાર થાવ.

– આપાજી

પૃ.૬૪



From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • July 2019

https://themothersprosperity.org

# Prosperity

2019
JULY
૧ જુલાઈ, ૨૦૧૯

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

## —— divine Master : sweet Master ——
## — દિવ્ય ગુરુ : મધુર ગુરુ —

**O my divine Master**, my love aspires to Thee more intensely than ever; let me be Thy living Love in the world and nothing but that! May all egoism, all limitation, all darkness disappear; may my consciousness be identified with Thine so that Thou alone mayst be the will acting through this fragile and transient instrument.

**O** my sweet Master, how ardently my love aspires to Thee . ...

**G**rant that I may be nothing but Thy Divine Love and that in every being this Love may awake, powerful and victorious.

**L**et me be a vast mantle of love enveloping all the earth, entering all hearts, murmuring in every ear Thy divine message of hope and peace.

**O** my divine Master, how ardently I aspire for Thee! Break these chains of darkness and error; dispel this ignorance, liberate, liberate me, make me see Thy light. ...

... ...

- The Mother

Prayers and Meditations - May 9, 1914

**હે મારા દિવ્ય ગુરુ,** મારો પ્રેમ તારા પ્રત્યે પહેલાં કદી પણ હતો તે કરતાં વધારે તીવ્રતાથી અભીપ્સા સેવી રહ્યો છે; મને જગતની અંદર તારો જીવંત પ્રેમ બની રહેવા દે, એ સિવાય બીજું કાંઈ જ નહિ ! સારોયે અંહકાર, બધી જ મર્યાદિતતા, બધી જ અંધારમયતા અદૃશ્ય થઈ જાઓ; મારી ચેતના તારી ચેતના સાથે એકરૂપ બની જાઓ અને એ રીતે આ ભંગુર અને ક્ષણજીવી કરણ દ્વારા જે ઇચ્છા કામ કરે તે કેવળ તું જ હો એમ બનો.

**હે મારા મધુર ગુરુ,** કેવી તો આતુરતાપૂર્વક મારો પ્રેમ તારા પ્રત્યે અભીપ્સા કરી રહ્યો છે ...

**મારી પ્રાર્થના છે** કે હું કેવળ તારો જ દિવ્ય પ્રેમ બની રહું અને સૌ કોઈનામાં આ પ્રેમ પ્રબળ અને વિજયી બનીને જાગૃત થાઓ.

**મને** સારીયે પૃથ્વીને છાઈ વળતા પ્રેમના એક વિરાટ ઝબ્બા જેવી થઈ જવા દો, એ પ્રેમ સર્વ હૃદયોની અંદર પૂરેપૂરો પ્રવેશ કરો, સર્વ કર્ણોની અંદર તે આશા અને શાંતિના તારા દિવ્ય સંદેશનું ગુંજન કરતો બનો.

**હે મારા દિવ્ય ગુરુ,** કેવા તો આતુર ભાવે હું તારા પ્રત્યે અભીપ્સા કરી રહી છું! અંધકાર અને ક્ષતિની બનેલી આ સાંકળોને તોડી નાખ, આ અજ્ઞાનને વિખેરી નાખ, મને મુક્ત કરી દે, મુક્ત કરી દે, તારા પ્રકાશનાં મને દર્શન કરાવ ...

... ...

- શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન - ૯ મે ૧૯૧૪

**To be merged** both in Thee and in Thy work ... to be no longer a limited individuality ... to become the infinitude of Thy forces manifesting through one point ... to be freed from all shackles and all limitations ... to rise above all restrictive thought ... to act while remaining outside the action ... to act with and for individuals while seeing only Oneness, the Oneness of Thy Love, Thy Knowledge, Thy Being ... O my divine Master, eternal Teacher, Sole Reality, dispel all darkness in this aggregate Thou hast formed for Thy service, Thy manifestation in the world. Realise in it that supreme consciousness which will awaken the same consciousness everywhere.

- The Mother

... ...

**એકી સાથે** તારી અંદર અને તારા કાર્યની અંદર ડૂબી જવું ... એક મર્યાદિત વ્યક્તિતા તરીકે વધુ વાર ન રહેવું ... એક બિંદુ દ્વારા આવિર્ભાવ પામતી તારી શક્તિઓની અનંતતા બની રહેવું ... સર્વ કંઈ અંતરાયો અને સર્વ કંઈ મર્યાદિતતાઓથી મુક્ત થઈ જવું ... મર્યાદિત કરી દેતા વિચાર માત્રથી ઉપર ચાલ્યા જવું ... કર્મથી પર રહીને કર્મ કરતા રહેવું ... વ્યક્તિઓમાં અદ્વૈતનાં, તારા પ્રેમના અદ્વૈતનાં, તારા જ્ઞાનનાં, તારા સ્વરૂપનાં જ દર્શન કરતા રહી તેમની દ્વારા અને તેમના માટે કાર્ય કરવું ... હે મારા દિવ્ય ગુરુ, શાશ્વત શિક્ષક, અનન્ય વાસ્તવિકતા, તારી સેવા માટે, જગતમાં તારા આવિર્ભાવ માટે તેં આ જે પુદ્ગલ રચ્યો છે તેમાં રહેલા સર્વ અંધકારને વિખેરી નાખ. એની અંદર એ પરમ ચેતનાને સિદ્ધ કરી આપ કે જે સર્વત્ર એના જેવી જ ચેતનાનું સર્જન કરે.

- શ્રી માતાજી

... ...

Prayers and Meditations - May 4, 1914 / પ્રાર્થનાઓ અને ધ્યાન - ૪ મે ૧૯૧૪